—— COPY ——

**THE GANDHIDHAM**
**CHAMBER OF COMMERCE & INDUSTRY**
(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com

No. GCCI / 564

તા:૨૩.૦૩.૨૦૧૮

શ્રી જે.પી. ગુપ્તા,
મુખ્ય સચિવ (પાણી પુરવઠા) તથા
પ્રભારી સચિવ, કચ્છ જિલ્લો,
કેમ્પ : ગાંધીધામ - કચ્છ

માનનિયશ્રી,

ગાંધીધામ ચેમ્બરનાં પ્રતિનિધી મંડળને આજની આ બેઠક માટે આપનો કિંમતી સમય ફાળવવા બદલ અમે આપનો આભાર માનીયે છીએ.

કચ્છ જિલ્લો વિસ્તારની દ્રષ્ટીએ મોટો જિલ્લો હોવાને લીધે સમયાંતરે અનેક પ્રશ્નો ઉભા થતા હોય છે. આજની આ મુલાકાત દરમ્યાન આ સાથે સામેલ વિવિધ મુદ્દાઓ / પ્રશ્નો દર્શાવતું "પરિશિષ્ટ - અ" આપની સમક્ષ રજૂ કરીએ છીએ.

આશા છેકે આપશ્રી કચ્છ જિલ્લાનાં પ્રભારી સચિવનાં હોદ્દાની રૂએ આ પડતર પ્રશ્નોનાં નિરાકરણ અંગે વહીવટીતંત્ર ને યોગ્ય માર્ગદર્શન આપી યોગ્ય કરશો એજ અપેક્ષા સહ....

આભાર....

આપનો વિશ્વાસુ,

મુરલીધર જગાણી
માનદ્ મંત્રી

બિડાણ: ઉપર મુજબ

પરિશિષ્ટ - અ

## કચ્છ જિલ્લાનાં પ્રભારી સચિવ અને પાણી પુરવઠાનાં મુખ્ય સચિવ શ્રી જે.પી. ગુપ્તા જોડે ભુજ મર્કન્ટાઈલ કો-ઓપ. બેન્ક લી.નાં કમીટીરૂમમાં તા:૨૩મી માર્ચ, ૨૦૧૮નાં રોજ ગાંધીધામ ચેમ્બરનાં પ્રતિનિધિઓ સાથે યોજાયેલ મીટીંગ દરમ્યાન રજુઆત કરાયેલા મુદાઓ.

1. **કચ્છ જિલ્લાની કચ્છ(પૂર્વ) અને કચ્છ(પશ્ચિમ) માં દ્વિ-વિભાગીકરણ દ્વારા બે જીલ્લાની રચના કરવી.**

   કુલ ૧૭,૬૪૨ sq. mtrsનું ક્ષેત્રફળ ધરવતો કચ્છ જિલ્લો વિસ્તારની દ્રષ્ટીએ ભારતનો બીજા નંબરનો મોટો જિલ્લો હોવાથી વહીવટી દ્રષ્ટીએ અનેક તકલીફો પડતી હોય છે. પૂર્વ કચ્છમાં મહાકાય ઉદ્યોગગૃહ, સમગ્ર એશિયામાં ખાતર ઉત્પાદનનું મોટું કારખાનું – ઇફકો, કંડલા વિશેષ આર્થિક ક્ષેત્ર, ટીમ્બર કન્વર્ઝન ઝોન, ઓઈલ ઇન્સ્ટોલેશન, ખાદ્યતેલની રીફાઇનરીઓ, ભારતનું નં ૧ મેજર પોર્ટ – કંડલા, વિગેરેને કારણે તેનું આગવું મહત્વ છે. રાજ્ય સરકારે આ બાબતને ધ્યાનમાં લેતા સરકારનાં વિવિધ વિભાગો જેમકે પોલીસ, PGVCL, પ્રદુષણ, RTO, વાણિજ્યક વેરા કચેરી અને હાલમાં ખાણ-ખનિજ વિભાગને પણ પૂર્વ – પશ્ચિમ માં દ્વિ-વર્ગિકરણ કરીને કાર્યરત કરેલ છે. હવે ફક્ત ઔપચારિક રીતે બે જિલ્લાની જાહેરાત જ કરવાની બાકી રહે છે. કેન્દ્રની સંખ્યાબંધ કચેરીઓ અહીં હોવાથી પૂર્વ કચ્છનાં મહેસૂલી જીલ્લાની રચના કરવામાં આવે તો વહીવટી સરળતા રહે અને ગાંધીધામ, અંજાર, ભચાઉ, રાપર તાલુકાનાં લોકોને રોજ-બ-રોજનાં પ્રશ્નોનું નિરાકરણ થઈ જાય અને હાલે આવેલ જિલ્લા મથક ભૂજ સુધી અવારનવાર જવું ન પડે.

   સન ૨૦૦૧નાં ધરતીકંપ પછી કચ્છ જિલ્લાએ દરેક ક્ષેત્રમાં હરણફાળ ભરેલ છે. ઔદ્યોગીકરણ ને લીધે કચ્છ જિલ્લાની વસ્તીમાં ખૂબ જ વધારો થયેલ છે. આથી અનેક વહીવટી પ્રશ્નો સમયાંતરે વહીવટીતંત્ર સમક્ષ લોકો તરફથી નિરાકરણ અર્થે પ્રસ્તુત થઈ રહ્યા છે. સુચારૂરૂપે સરકારી વહીવટ અને વણઊકેલ પ્રશ્નોનો ત્વરીત નિકાલ થાય એ માટે કચ્છ જિલ્લાને કચ્છ પૂર્વ અને પશ્ચિમ એમ બે અલગ અલગ જિલ્લાની રચના કરવા આ સમયની તાતી જરુરીયાત છે.

2. **ગાંધીધામ નગરપાલીકાને મહાનગરપાલીકાનો દરજ્જો આપવો.**

   વિસ્તારની દ્રષ્ટીએ રાજયની સઘળી નગરપાલીકાઓ કરતાં ગાંધીધામનો વિસ્તાર સૌથી વધારે છે. ઝડપી ઔદ્યોગીકરણને કારણે ધંધા-રોજગાર અર્થે હજરો લોકો દેશભરથી આવી અંહી સ્થાયી થયા છે. આ ઉપરાંત જનસંખ્યામાં ફ્લોટીંગ વસ્તી પણ ખૂબ જ વધારે છે. આથી વાસ્તવીક જનસંખ્યા ચાર લાખથી પણ વધારે છે.

   શહેરનાં વિવિધ વિસ્તારોનાં માર્ગો, ડ્રેનેજ લાઇન, પાણી પુરવઠાની લાઇનોની હાલત બદતર છે. નગરપાલીકાને કોર્પોરેશનનો દરજ્જો અપાય તો વર્લ્ડબેન્ક સહિતની ગ્રાંટથી પ્રજાકીય કામો હાથ ધરી શકાય. હાલ નગરપાલીકાનાં આવક્નાં સાધનો ટાંચા છે તેની માલીકીની જમીન પણ નથી તેથી વિકાસ કામો થતા નથી.

આથી નગરપાલીકાને કોર્પોરેશનનો દરજ્જો આપવાથી સંકુલની વિકાસયાત્રા વેગ પકડશે અને વહીવટી સુચારૂ પારદર્શક બનશે.

આ ઉપરાંત ગાંધીધામ પાસે કંડલા સ્માર્ટ ઇન્ડસ્ટ્રીયલ પોર્ટ સીટી અંતર્ગત કોમર્શીયલ અને રહેણાંકનું સંકુલ પણ બનવા જઈ રહ્યું છે અને હાલમાં નગરપાલીકાની વ્યવસ્થા લોકોનાં પ્રશ્નોનાં ત્વરીત નિકાલમાટે સક્ષમ નથી એવું વિદિત થઈ રહ્યું છે. આથી આજનાં સમયની અહિંનાં લોકોની માંગ છે કે ગાંધીધામ નગરપાલીકાને મહનગરપાલીકાનો દરજ્જો આપવો જોઇએ જેથી લોકોનાં પ્રશ્નો અને આકાંક્ષાઓને પરીપૂર્ણ કરી શકાય.

3. ગાંધીધામ – આદિપુર સંકુલનાં ભુગર્ભ વિદ્યુતિકરણનો તાત્કાલિક અમલ કરવા બાબત

વર્લ્ડબેંકની લોનરૂપી નાણાંકિય સહાય સાથે ગાંધીધામ – આદિપુર શહેરનાં ભુગર્ભ વિદ્યુતિકરણ પરિયોજનાનું કાર્ય કરવાની જવાબદારી PGVCL હેઠળ ઘણાં લાંબા સમયથી પડતર છે. આ પરિયોજનાનું કામ આજ દિન સુધી શરૂ પણ થયેલ નથી. આથી ગાંધીધામ – આદિપુર શહેરનાં ભુગર્ભ વિદ્યુતિકરણની પરિયોજનાનું તાત્કાલિક અમલ કરવો જરૂરી છે જેથી આ શહેરનાં લોકોની લાંબા સમયની પડતર માંગણીને મૂર્ત સ્વરૂપ આપી શકાય.

4. રામબાગ (સરકારી) હોસ્પીટલને અપગ્રેડ કરવા બાબત

ભુકંપમાં ધ્વસ્ત થયેલ રામબાગ હોસ્પીટલનું ઇન્ડીયન મેડીકલ એશોસીયેશનનાં સહયોગથી પુન:નિર્માણ કરવામાં આવ્યું છે. આ હોસ્પીટલમાં સ્ટાફની ઘટ, અધ્યતન વૈદકિય સાધનોની કમી તથા અન્ય માળખાકિય સવલતોનાં અભાવથી સમાજનાં ઉપેક્ષીત વર્ગનાં બિમાર લોકોને અન્ય ખાનગી હોસ્પીટલમાં જવું પડે છે, જે ભારે ખર્ચાળ છે. આથી, રામબાગ હોસ્પીટલને અપગ્રેડ કરવાની તાતી જરૂરીયાત છે.

5. કંડલા એરોડ્રોમનાં વિસ્તરણ માટે એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડીયાને જમીન આપવા બાબતે

કંડલા એરોડ્રોમથી ભારત સરકારની નવી ઉડાન નીતિ અંતર્ગત અનેક હવાઇ સેવાઓ શરૂ કરવાની વિપૂલ શક્યતાઓ છે. આ માટે અનેક એરલાઇન્સોએ પ્રાથમિક સર્વે પણ કરેલ છે. આ શક્યતાઓને મૂર્તસ્વરૂપ આપવા કંડલા એરોડ્રોમનું વિસ્તરણ કરવું અત્યંત જરૂરી છે અને તે માટે એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયાએ ગુજરાત સરકાર સમક્ષ ઘણાં સમયથી જમીનની માંગણી કરેલ છે જે આજ દિન સુધી પડતર છે. ગુજરાત સરકાર આ બાબતે ત્વરીત નિર્ણય લઈ એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડીયાને જમીનની સોંપણી કરી કંડલા એરોડ્રોમનાં વિસ્તરણનાં પ્રકાલ્પને ત્વરીત પૂરો કરવા સહકાર આપે.

6. ગાંધીધામ વિકાસ સતામંડળમાં પ્રજાકીય પ્રતિનિધિની નિમણુંક

ગાંધીધામ વિકાસ સતા મંડળમાં પ્રજાકિય પ્રતિનિધિઓની નિમણુંક કરાય તો ઉપયોગી હેતુ સરસે કેમ કે આ વિષયનાં નિષ્ણાંત સભ્યો પોતના અનુભવ અને જ્ઞાનનાં નિચોડનો લાભ સતામંડળને આપી શકશે. છેલ્લા છ દાયકા કરતાં પણ વધારે સમયથી કાર્યરત ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીને પણ પ્રતિનિધિત્વ અપાય તે ઇચ્છનિય રહેશે.

## 7. રાજવી ફાટક, ગાંધીધામ મધ્યે ઓવરબ્રીજનાં બાંધકામનો પ્રારંભ કરવા બાબતે

ઘણાં સમયથી ભારતીય રેલ્વેએ રાજવી ફાટક, ગાંધીધામ મધ્યે ઓવરબ્રીજ બાંધવાની પરવાનગી સ્થાનિક તંત્રને આપેલ છે. આમ છતાં આજ દિન સુધી આ ઓવરબ્રીજનાં બાંધકામનો પ્રારંભ થયેલ નથી. આ સ્થળે ઓવરબ્રીજની અત્યંત જરૂરીયાત છે કારણકે અંહીથી ભુજ તરફ આવતી - જતી પેસેન્જર ટ્રેનો અને મુંદ્રા પોર્ટ તરફ આવતી – જતી ગુડસ / કન્ટેનર ટ્રેનોની અવર-જવરનો ટ્રાફીક ખૂબ જ હોવાથી વારંવાર ફાટક બંધ રહે છે જેથી વાહન ચાલકોને ટ્રાફીક જામ નો સામનો કરવો પડે છે અને તેમનો કિંમતી સમય વ્યય થાય છે.

## 8. ઇન્ડસ્ટ્રીયલ પ્રમોશન સેલ પૂર્ણરૂપે કાર્યરત કરવા

ગુજરાત રાજ્યનાં પહેલા "ઇન્ડસ્ટ્રીયલ પ્રમોશન સેલ" (IPC) નો કચ્છ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનાં પહેલા માળે પ્રારંભ થયો પરંતુ અત્યારે તેના કોઈ ઉદ્દેશ સર થતો નથી દેખાતો. આ સેલ ઉભો કરવાનો મુખ્ય ઉદેશ્ય એ હતો કે ઝડપથી વિકસતા અને ભારે ઔદ્યોગીક વિકાસની સંભાવનાવાળા કચ્છમાં "સિંગલ વિન્ડો" બનીને સ્થાનિક ઉદ્યોગોને તેમના ગાંધીનગર જઈને ઉદ્યોગ ભવનમાં કરવામાં જરૂરી કામોમાંથી મોટા ભાગનાં અહીં ઓનલાઇન વ્યવસ્થાથી પૂર્ણ થઈ શકે અને નવા ઉદ્યોગો કચ્છમાં આવવા મથતા હોય તો સ્થાનિકથી જ કચ્છમાં ઉપલબ્ધ જમીનો, પાણી, કાચા માલ, બંદર સંબંધી માહિતી, ખનીજોની ઉપલબ્ધતા જેવી વિગતો મળી શકે. આ સેલ માટે ખર્ચાઓ કરીને માળખું ઊભું કરવામાં આવ્યા બાદ ન તો કોઈ અધિકારીની નિમણુંક કરાઈ કે ન તો સરકારે કોઈ કર્મચારી આપ્યા. આથી કચ્છમાં IPC પૂર્ણરૂપે સાચા અર્થમાં કાર્યરત ન થઈ શક્યું જે પૂર્ણરૂપે કાર્યરત કરવાની તાતી જરૂરીયાત છે.

## 9. કચ્છમાં દરીયાની ભરતીનાં મોજા, સૌર ઉર્જા અને પવન ઉર્જા દ્વારા વિજળી ઉત્પન્ન કરવા ખાસ પ્રોત્સાહન આપવા.

ગુજરાતમાં અને ખાસ કરીને કચ્છમાં દરીયાની ભરતીનાં મોજા, સૌર ઉર્જા અને પવન ઉર્જા દ્વારા વિજળી ઉત્પન્ન કરવા અનેક વિપુલ શક્યતાઓ રહેલી છે. આ માટે લાંબા ગાળાનું સમયબદ્ધ આયોજન કરી, નવી નીતી અંતર્ગત અમલીકરણ કરવું ખુબ જ જરૂરી છે. આ સ્તોત્રો માંથી ઉત્પન્ન થયેલી વિજળી આપણી પર્યાવરણને બચાવવા અને જાળવણીની ઝુંબેશને પૂરક રહેશે.

## 10. કચ્છમાં ઔદ્યોગીકરણને વેગ આપવા માટે ઔદ્યોગીક પાર્કની સ્થાપના કરવી.

કચ્છમાં જમીનની ઉપલબ્ધતાને લીધે ઔદ્યોગીકરણને વેગ આપવા માટે પુરતો અવકાશ રહેલ છે. આ માટે GIDC જેવી સરકારી એજન્સીઓએ કચ્છમાં જુદા જુદા સ્થળોએ ઔદ્યોગીક પાર્ક સ્થાપી કચ્છમાં રહેલ કુદરતી ખનીજ સંપતિ અને વિશાળ દરીયાકિનારાનો લાભ લઈ ઔદ્યોગીકરણ દ્વારા રોજગારીની અનેક તકો સર્જવાની તક ઝડપવી જોઇએ.

## 11. સમુદ્રનાં ખારા પાણીને મીઠા પાણીમાં પરિર્વતિત કરવાંનું આયોજન.

ગુજરાત રાજ્ય અને તેમા પણ ખાસ કરીને કચ્છ જેવો જિલ્લો વિશાળ દરિયાકિનારો ધરાવે છે. અપુરતા વરસાદને કારણે પાણી હંમેશા એક સમસ્યારુપે રહેલ જ છે અને તે વિકાસને અવરોધરુપ છે. આજનાં વૈશ્વિકરણનાં જમાનામાં વિકાસનાં સ્થળો દરીયાઈ સ્થળો જ હશે પણ માનવે આ વિકાસ માટે પાણીનાં અપુરતા સ્તોત્રોને લિધે હંમેશા સંઘર્ષ કરતા રહેવું પડશે. આ સમસ્યાનાં ઉકેલ તરીકે સમુદ્રનાં ખારા પાણીને પરિર્વતિત કરીને પીવા લાયક અને ઉદ્યોગોનાં ઉપયોગ માટે પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવાથી વિકાસની નવી ક્ષિતીજો ઊભી થશે.

## 12. GDCR સબંધીત વાંધાઓની રજુઆત

ગાંધીધામ ચેમ્બરે GDCR સંબંધીત વાંધાઓની લેખીતમાં વિસ્તૃત રજુઆત ગુજરાત સરકાર સમક્ષ કરેલ છે. આમ છતાં આજદિન સુધી આ સંબંધે કોઇ જ નિવેડો આવેલ નથી.

## 13. કચ્છમાં નર્મદા નહેરનાં વિકાસનાં કાર્યોમાં ઝડપ લાવી ગુણાવતા મુજબનું કામ કરાવવું અને તેના માટે અંદાજપત્રમાં પુરતા પ્રમાણમાં ફંડની ફાળવણી કરવી.

સૌને વિદિત જ છે કે નર્મદા યોજના કચ્છ જેવા છેવાડાનાં પ્રદેશ અને અપુરતા પાણીથી જજુમતા લોકોની સમસ્યાઓ નાં ઉકેલ માટે બનાવવામાં આવેલ છે. અનેક વર્ષોનાં વહાણા વિતી ગયા પછી નર્મદાનાં નીરે કચ્છમાં નહેર વાટે પ્રવેશ કરેલ છે. કચ્છમાં આંતરીક અને દુરનાં વિસ્તારો સુધી નર્મદાનાં નિરને સિંચાઇ માટે લઈ જવા પુરતું આયોજન, અંદાજપત્રમાં પુરતા પ્રમાણમાં ફંડની ફાળવણી અને આ કાર્યમાં ઝડપ લાવવામાટે પગલાં ભરવા ખુબ જ જરૂરી છે.

## 14. ગાંધીધામ મધ્યે DICની ઓફીસ શરૂ કરવા બાબત

કચ્છમાં વિશેષરૂપે ધરતીકંપ પછી કંડલા – ગાંધીધામ સંકુલમાં અને તેની આજુબાજુનાં વિસ્તારમાં અનેક ઉદ્યોગો કાર્યરત થયેલ છે. આ ઉપરાંત સ્માર્ટ ઇન્ડસ્ટ્રીયલ પોર્ટ સીટી (SIPC) પ્રકલ્પ અંતર્ગત કંડલા મધ્યે નવા ઉદ્યોગોની સ્થાપના માટે દિનદયાલ પોર્ટ કાર્યરત છે અને ગુજરાત સરકાર પણ આ પ્રકલ્પની સફળતા માટે દિનદયાલ પોર્ટ ટ્રસ્ટ સાથે MOU હસ્તાક્ષર કરેલ છે. આથી ગાંધીધામ મધ્યે DICની ઓફીસ ઉદ્યોગકારોને સગવડતા માટે શરૂ કરવી અત્યંત આવશ્યક છે.

****************